## -: હદીસે નબવીની રોશની :-

રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, જે લોગો મારા ઉપર અને અલ્લાહતઆલા ઉપર ઇમાને કામિલ લઇ આવા છે અને મારી નુબૂવતને સાચી માનેલી છે, હું તેઓને મારા વઝીર અમીરૂલ મુમેનીન અલી ઇબ્ને અબી તાલિબ (અ.સ.) ની વલાયતની વસીયત કરૂં છું, કેમકે અલીથી મોહબ્બત કરવું તે મારાથી મોહબ્બત કીધા બરાબર છે અને આ વલાયત એક એવો અમર છે કે જેને ઉમ્મતના લોગો તરફ પહોંચાવવાનો અલ્લાહતઆલાએ મને હુકમ કીધો છે અને ખુદાએ મારાથી આ મીસાકો અહદ લીધો છે કે, મેં આ અમરે વલાયતને અલ્લાહ તરફથી તેઓને પહોંચાડી દઉં.

રસૂલુલ્લાહ સરવરે કાએનાત (સ.અ.વ.વ.) થી રિવાયતમાં આવેલું છે કે, **અલી (અ.સ.) ના શીઆ કામિયાબ થાનાર છે અને ફલાહ પરામવાવાલા છે.** આપ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, જે વક્ત કોઇ શખ્સ ઇલ્મની તલાશમાં પોતાના ઘરથી નીકલે છે, તો ખુદા એને વાસ્તે નૈકીઓ તેહરીર કરે છે અને જે વક્ત તાલિબે ઇલ્મ અને આલિમ એકબીજા સાથે મીલે છે અને કુદરતે ઇલાહીના સિલસિલામાં એકબીજા સાથે ઉમદા તરીકાથી ઝિક્ર કરે છે તો ફરિશ્તાઓ તે બેવે પર રહેમતે ઇલાહીનો સાયો કરે છે અને બેવે વાસ્તે નિદાએ ગૈબ થાય છે કે, તમે બેવેને મઆફ કરી દેવામાં આવા છે. આપ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, બંદાનું ઇમાન આ પાઁચ ખસલતો હોય તો જ કામિલ થાય છે. (૧) હરેક બાબતમાં અલ્લાહ પર તવક્કુલ-ભરોસો કરે. (૨) હરેક બાબત અલ્લાહની મશીયતને સોંપી દે. (૩) અલ્લાહના હરેક અમર-ફરમાનને માથે ચઢાવી લે. (૪) અલ્લાહની કઝા-કદર, ફેંસલા અને ઇરાદા પર ખુશ રહે. (૫) જે ઇમ્તેહાન-મુસીબતના વક્તો આવે તેના પર સબર કરે. આપે મઝીદ ફરમાવું કે, **બંદો, મુસલમાન તે જ વક્ત કહેવામાં આવે જો લોગો તેની ઝબાન અને હાથથી સલામત રહે.** બંદો ઇમાનના દરજાને હાસિલ તે જ વક્ત કરે જો તેના પડોશીઓ-હમસાયા અને તેના ભાઇઓ તેની સતામણી અને ઇઝાઓથી અમાનમાં રહે.

અલ્લાહતઆલા કોણે મોહબ્બત કરે છે ? કોણે ચાહે છે ? આ સવાલના જવાબમાં સૈયેદુલ કૌનેન, શફીઉલ મુઝનેબીન (સ.અ.વ.વ.) એ ફરમાવું છે કે, અલ્લાહ હર બાબત તવાઝોઅ (નમનતાઇ) ચાહે છે. ❋ અલ્લાહ ખુદ જમીલ છે અને જમાલને પસંદ કરે છે. ❋ અલ્લાહ દોઆમાં તઝર્રોઅ-કાલાવાલા-ગિડગિડાહટ કરનારને મોહબ્બત કરે છે. ❋ અલ્લાહ પોતાના બંદાને જે નેઅમતો ઇનાયત કરે છે તેનો બંદા પર અસર જોઇને તેને ચાહે છે. ❋ અલ્લાહ ભલા અને તકવાના લોગો (પરહેઝગાર) ને પસંદ કરે છે. ❋ કાદિરે મુત્લક ગુનાહગાર બંદાઓને સુધરવાની મોહલત આપવાને ચાહે છે, અને બંદો ગુનાહના કામોથી કોસો દૂર રહે એ વાતને પસંદ કરે છે. ❋ જે વક્ત શહેવત, વેહશત અને ફહેશ કામો સાથે બંદાનો સામનો થાય છે તો સબર, નૈકી, બસીરત અને સાચી પરખથી તે ખરાબ કામોથી ખુદને રોકનાર બંદાને અલ્લાહ મોહબ્બત કરે છે. ❋ જ્યારે શક-શોબોહાત આવે ત્યારે અક્લે સલીમ અને ફેહમો તમીઝથી કામ લેનારને અલ્લાહ ચાહે છે. ❋ ખુદા જલ્લા ઇસ્મોહુ સખાવત કરનારને - પછી તે ખજૂરનો એક નાનો ટુકડો પણ કેમ ન હોય - પસંદ કરે છે. ❋ અલ્લાહતઆલા તેની રાહમાં જાઁનિસારી, દિલૈરી અને શુજાઅત બતાવનારને ઘણો જ ચાહે છે. ❋ ખુદા હર અમલે ખૈરને ચાહે છે. ❋ **આસાની અને સીધી રાહો રવિશનાં ખયાલો-વિચારોને અલ્લાહ પસંદ કરે છે.** ❋ અલ્લાહ તબારકા વ તઆલા મઝલૂમની દોઆને બેહદ પસંદ કરે છે અને તેને કુબૂલ ફરમાવે છે.

### આસાની અને સીધી રાહો રવિશનાં ખયાલો-વિચારોને અલ્લાહ પસંદ કરે છે.

અલ્લાહતઆલા કોણાથી નફરત કરે છે ? કોણે નાપસંદ કરે છે ? આ સવાલના જવાબમાં રસૂલે અકરમ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, અલ્લાહતઆલા અમાનતમાં ખયાનતને પસંદ નથી કરતા. ❋ અલ્લાહતઆલાએ જૂઠ બોલનાર પર લાઅનત બોલી છે. ❋ નમાઝમાં રમતબાઝી કરનારને અલ્લાહ પસંદ નથી કરતા. ❋ મસ્જિદમાં દુનિયાની ગીબત કરનારને અલ્લાહ ચાહતા નથી. ❋ કબરો નઝદીક હઁસી-મઝાક-મસ્ખરી કરનારને અલ્લાહ સખ્ત નાપસંદ કરે છે. ❋ રોઝાની હાલતમાં બૈરોથી શેહવતના - પછી ભલે ને તે માઅમૂલી હોય - કામોને ખુદા પસંદ કરતા નથી. ❋ હદથી ઝિયાદહ બોલનાર અને બેમાઅના વાત કરનારથી અલ્લાહ નારાઝ રહે છે. ❋ માલ-સરવત-નકદ-દૌલતને ગૈર તરહથી ફિઝૂલ ખર્ચ કરીને વેડફી નાખનાર, ઝરૂરત સિવાય ઇસ્રાફી કરનાર શખ્સને અલ્લાહતઆલા સખ્ત નાપસંદ કરે છે. ❋ ઘરવાલાઓ અને સગા-કરાબતવાલાઓ સાથે તઅલ્લુક તોડનાર શખ્સને અલ્લાહ ચાહતા નથી. ❋ અલ્લાહની નેઅમતોની નવાઝિશને બાવુજૂદ બખીલી-કંજૂસાઇ કરનારને અલ્લાહતઆલા મોહબ્બત કરતા નથી. ❋ ઝમીન ઉપર અકડાયને ચાલનાર અને પોતાની ઝાત પર તકબ્બુરી-ઘમંડ કરનાર લોગોને અલ્લાહતઆલા નફરત કરે છે. ❋ મુમિનને ગાલી-ગલોચ અને બદકલામી કરનાર શખ્સને ખુદાતઆલા મોહબ્બત કરતા નથી. ❋ ખોટા લકબો અને ઉપનામોથી લોગોને બોલાવનારને અલ્લાહતઆલા ચાહતા નથી. ❋ **ખુદાએ કારસાઝ કૌમો મિલ્લતમાં નાઇત્તેફાકી, નફરત, ફિત્ના-ફસાદ કરનારને ચાહતા નથી.** ❋ ખુદાતઆલા દગાબાઝ-ફરેબી-મકરબાઝ, લોગોને છેતરનાર શખ્સને મોહબ્બત કરતા નથી. ❋ એહસાન-ફરામોશને અલ્લાહ ચાહતા નથી.

### ખુદાએ કારસાઝ કૌમો મિલ્લતમાં નાઇત્તેફાકી, નફરત, ફિત્ના-ફસાદ કરનારને ચાહતા નથી.

**ખુદાતઆલા રહીમ-કરીમ છે અને તેના આખરી નબીને રહેમત બનાવીને મોકલેલા છે.** આ રહેમતની બારિશનો સરચશ્મો આલે મોહંમદ (સ.અ.વ.વ.) માં આજ તક જારી છે. ખુદાતઆલા બીજા બંદા ઉપર રહેમત કરનારને પોતાની રહેમતથી નવાઝી લે છે. અલ્લાહની રાહમાં સદકો કરનાર શખ્સની ૭૦ બુરાઇઓને મીટાવી દેવામાં આવે છે. અલ્લાહની નેઅમતોના થાલનું જમન જમીને ખુદાની હમ્દો સના અને એહસાન બજા લાવનાર શખ્સથી અલ્લાહ ખુશ થાય છે.

ઇલ્મની બાબતમાં આપ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, જે વક્ત આલિમ ઇલ્મને નશર કરવાથી-ફેલાવવાથી રૂકી જાય છે તો ખુદા તેનાથી ઇલ્મને છીનવી લે છે તેથી તે જાહિલો પાસે જઇને પૂછપરછ કરે છે, જેઓ સોચા-સમઝા બગૈર બેબુનિયાદ અને વાહીયાત જવાબ આપે છે તેને સબબ લોગો ગલત રસ્તા ઉપર વલી જાય છે, તેમ બીજાઓને પણ રાહે ગુમ્રાહી તરફ ભટકાવે છે. ઝમાનએ હાલની વાત કરીએ તો માઅલૂમ પડે છે કે, આલે મોહંમદ અઇમ્મતે તાહેરીન (સ.અ.) ના દરજાથી જાહિલ અને ગાફિલ લોગો, જેઓ ઇસ્માઇલ-તૈયેબી અકીદાઓના દુશ્મનો છે અને ઇમામુઝઝમાન (અ.સ.) ના મીસાકના દાએરામાં નથી, એવા જમાઅતમાંથી બહાર ગયેલા ખારજીઓ અને બાગીઓ દુશ્મનાને અહલે બૈત (અ.સ.) પાસે બેસીને દીની બહેસ કરીને ખોટું ઇલ્મ હાસિલ કરે છે. થોડી જાણકારી-માઅલૂમાત હાસિલ થઇ જાય છે તો કોમ્પ્યુટર પર વેબસાઇટ-વીડીયો કેસેટ-સીડી તેમજ બાતિલના લોગોની કિતાબો ખરીદે છે, તકસીમ કરે છે અને પઢે છે તો એમ સમઝે છે કે તેઓ ઇલ્મમાં હુશિયાર અને કામિલ થઇ ગયા પણ હકીકતમાં તેઓ **" અબજદ "** ના અલિફના માઅના પણ જાણતા નથી હોતા. અગર ઇત્તેફાકન થોડું સતહી અને ઉપરી ઇલ્મ જાણી પણ લે છે મગર સાહબે મીસાક અને દાઇએ હક્ક સાથે અદાવત અને બગાવતના સબબ તેઓનું ઇલ્મ ધૂલ પર લીપણ મુવાફિક થઇ જાય છે યાઅની કે બેકાર-ઝાયેઅ થઇ જાય છે. એવા બદખયાલ-બદઅમલ લોગોથી હક્કના મુમેનીનને ચેતવું જોઇએ, સંભાલવું જોઇએ અને તેઓ જે બાતિલ અકીદાની કિતાબો આપે તે પઢવાથી પરહેઝ કરવો જોઇએ.

### દીનના ચમનમાં રહીને દુનિયાના ફલનો લુત્ફ ઉઠાવો

અલ્લાહતઆલાએ દુનિયા અને દીન બેવેને એકબીજામાં ગુંઠેલા છે. દુનિયા દીનથી અલગ નથી અને દીન દુનિયાથી. ઇસ્લામનો પૈગામ એ છે કે, **દીનના ચમનમાં રહીને દુનિયાના ફલનો લુત્ફ ઉઠાવો.** અમીરૂલ મુમેનીન મૌલા અલી (અ.સ.) ફરમાવે છે કે,

"મા અહસનદ્દીનો વદુનિયા એઝજતમઆ,
મા બારકલ્લાહો ફિદુનિયા બિલા દીની."

યાઅની "દીન અને દુનિયા જે વક્ત એક જગા જમા થાય છે તો તે કેટલા ખુશગવાર લાગે છે અને અલ્લાહે કદી પણ દીનદારી બગૈર દુનિયાદારીમાં બરકત આપી નથી." અલ્લાહતઆલા આખેરતની નિય્યત કરવા પર દુનિયા આપે છે પણ દુનિયાની નિય્યત કરવાથી આખેરત હાથ લાગતી નથી. કોઇ બંદો બે હાથ ઉંચા કરીને ખુદાથી તલબ કરે છે તો તેને ખાલી હાથ રાખવામાં હક્કતઆલા શર્મ મેહસૂસ કરે છે. પરવરદિગારે આલમ હમારી દોઆના વસીલા દાઇયુઝઝમાન (અ.ઉ.) ને હર વક્ત કાઇમો દાઇમ રાખી આપની દોઆની ઝિયાથી મુમેનીનની ઝિંદગીને મુનવ્વર કરે. આમીન... યા રબ્બલ આલમીન. ★